# દેશને બુલેટ ટ્રેનથી જોડાશે



મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસના કાર્યકરો પીએમ ઉમેદવાર લેવા આવ્યા હતા પરંતુ ગેસ સિલેન્ડર લઈને ગયા હતા. ● અનુસંધાન પાના ૭ પર

નવી દિલ્હી,તા. ૧૯

દિલ્હીના ઐતિહાસિક રામલીલા મેદાન પર ભાજપની રાષ્ટ્રીય પરિષદની બેઠકમાં ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા અને તેમની ભાવિ યોજના પણ રજૂ કરી હતી. જેમાં મોદીએ કહ્યું હતું કે, દરેક રાજ્યમાં આઈઆઈટી, આઈઆઈએમ અને એમ્સની સુવિધા રહે તેવું તેમનું સ્વપ્ન છે. આ ઉપરાંત સમગ્ર દેશને બુલેટ ટ્રેનથી જોડવાનું પણ તેમનું સ્વપ્ન રહેલું છે. પોતાની ભાવિ યોજના રજૂ કરતા મોદીએ કહ્યું હતું કે, એગ્રો ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપર ધ્યાન આપવા, સો નવા સ્માર્ટ સિટી બનાવવા, રેલવે યુનિવર્સિટી બનાવવાની પણ તેઓએ વાત કરી હતી. નદીઓને જોડવાનું તેમનું સ્વપ્ન હોવાની વાત કરી હતી. મોદીએ બ્રાન્ડ ઈન્ડીયા ઉપર ભાર મુકતા કહ્યું હતું કે, બ્રાન્ડ ઈન્ડીયા હેઠળ પાંચ ટી જેમાં ટેલેન્ટ, ટ્રેડીશન, ટુરીઝમ, ટ્રેન્ડ અને ટેકનોલોજી ઉપર ભાર આપવાની જરૂર છે. મોદીએ કોંગ્રેસ તરફથી વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે રાહુલને જાહેર નહીં કરવાની બાબતની પણ નોંધ લીધી હતી અને કટાક્ષમાં ટિપ્પણી કરી હતી. મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસને વિનાશ નજરે પડે છે. તે પોતાના અસ્તિત્વને બચાવવા લડી રહી છે. મોદીએ દેશને અપીલ કરતા કહ્યું હતું કે, ૬૦ વર્ષ કોંગ્રેસને આપવામાં આવ્યા છે.

૬૦ મહીના હવે એક સેવકને આપવામાં આવે. મોદીએ કહ્યું હતું કે, કાળા નાણાંને લાવવાના તમામ પ્રયાસ કરાશે. તેમણે એમપણ કહ્યું હતું કે, વિદેશમાં મુકવામાં આવેલા કાળા નાણાને પરત લાવીને ગરીબોના વિકાસમાં લગાવવામાં આવશે. ૧૭મી જાન્યુઆરીના દિવસે કોંગ્રેસના અધિવેશન પર


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૦૯ | ૨૦ જાન્યુઆરી, ૨૦૧૪, સોમવાર; પોષ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


સુખ કયાંક બીજે અને આપણાથી દૂર છે એવું માનવામાં જ દુઃખ અને વિષાદ છે

*- ઝેન કથન*

# જિલ્લા - શહેરમાં પલ્સ પોલિયો અભિયાન

## જિલ્લામાં ૮૬ ટકા સિદ્ધિ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત પ્રથમ દિવસે ૮૬ ટકા બાળકો નિર્ધારિત લક્ષ્યાંક પૈકીના આવરી લેવામાં તંત્રને સફળતા મળી છે. જિલ્લામાં સૌથી ભારે પ્રતિસાદ માણસા તાલુકામાં મળ્યો છે. જ્યાં ૯૧ ટકા બાળકોને આવરી લેવામાં આવ્યા છે.

આજે ગાંધીનગર તાલુકાના રૂપાલ ગામના પ્રા. આ. કેન્દ્ર ખાતે પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલે અભિયાનનો આરંભ કરાવ્યો હતો. આ પ્રસંગે પંચાયતની આરોગ્ય શાખાના અધિકારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

જિલ્લાના ૧,૮૫,૨૦૧ બાળકો પૈકી ૧ લાખ ૬૦ હજાર બાળકો કરતાં વધુ બાળકોને આવરી લઈ ૮૬ ટકા જેટલી સિદ્ધિ તંત્રને મળતાં તંત્રમાં આનંદની લાગણી છવાઈ જવા પામી હતી. ૮૦૦ થી વધુ બુધ ગ્રામ્ય વિસ્તારમાં ઉભા કરાયા હતા અને ૩ હજારથી વધુ કર્મચારીઓએ આ અભિયાનમાં સેવાઓ આપી હતી. આજે બપોરે જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિક્ટર મેકવાન અને આરોગ્યના અધિકારીઓ ડૉ. આર.વી. પંડ્યા તથા ડૉ.જાગાણી સાથે ઉવારસદ, વાવોલ, અડાલજ સહિતના વિસ્તારોમાં ઈંટોના ભઠ્ઠા પર ફર્યા હતા અને પોલિયો અભિયાનને વેગીલુ બનાવ્યું હતું.

આ અભિયાનના મોનીટરીંગ માટે બી.જે. મેડિકલ કોલેજમાંથી ચાર જેટલા તબીબી અધિકારીઓ આવ્યા હતા. જેઓએ જિલ્લાના કલોલ, દહેગામ, માણસા અને ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારોની મુલાકાત લીધી હતી. ● અનુસંધાન પાના ૭ પર





## શહેરમાં ૮૦ ટકા સિદ્ધિ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં આજે યોજાયેલ પલ્સ પોલિયો અભિયાનમાં નિર્ધારિત લક્ષ્યાંકના ૮૦ ટકા બાળકોને આવરી લઈ તંત્રએ અનોખી સિદ્ધિ મેળવી છે.

આજે સે. ૩૦ ખાતે સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવેએ નાના ભૂલકાને પોલિયોના બે ટીપાં પીવડાવી અભિયાનનો આરંભ કરાવ્યો હતો. શહેરમાં ૧૦૭ જેટલા બુથો આજે આ અભિયાનને સફળ બનાવવા માટે ઉભા કરાયા હતા.

આજે આ અભિયાનના મોનીટરીંગ માટે WHO ના પ્રતિનિધિ તરીકે ડૉ. અનિશ સિંહા તથા ડૉ. છાયાબેન ઉપરાંત એસ.જી. હોસ્પિટલના એસોસીએટ પ્રોફેસર પણ જોડાયા હતા. સિવિલ સર્જન, મામલતદારશ્રી તેમજ માર્ગ-મકાન વિભાગના અધિકારીઓ પણ બુથોના મોનીટરીંગમાં જોડાયા હતા અને ફરજ પરના કર્મચારીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

સવારથી જ બુથ પર ટીપાં પીવડાવવામાં આવતા હતા. બપોર પછી નવા સેક્ટરોની સોસાયટીઓમાં બાળકો રહી ના જાય તે માટે ટીમના કર્મચારીઓ ફરી ફરીને બાળકોની ચકાસણી પણ કરતા જણાયા હતા. ગાંધીનગર શહેરમાં પહેલીવાર અભિયાનને ધાર્યા કરતા વધુ સારો પ્રતિસાદ સાંપડ્યો હતો. મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ ડૉ. દિનેશ બારોટે જણાવ્યું હતું કે ૨૪ હજાર બાળકોના લક્ષ્યાંક સામે ૧૯ હજારથી વધુ બાળકોને આજે પ્રથમ દિવસે જ આવરી લેવામાં આવ્યા છે. બાકી રહી ગયેલા બાળકોને હવે બે દિવસમાં આવરી લેવા માટેનું આયોજન કરી દેવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે આજે સવારથી જ લોકોએ જે ઉત્સાહ બતાવ્યો હતો તે સરાહનીય રહ્યો છે.

## NEWS બિટ્સ

### અડવાણી કહે છે વિશ્વાસ રાખો, અતિ વિશ્વાસ નહિ

ભાજપની રાષ્ટ્રીય પરિષદને



સંબોધતા પક્ષના વરિષ્ઠ અગ્રણી લાલકૃષ્ણ અડવાણીએ સભ્યોને વિશ્વાસથી ચૂંટણી લડવા હાકલ કરી હતી પરંતુ અતિ વિશ્વાસ પરાજય આપે છે ૨૦૦૪ની ચૂંટણી અતિવિશ્વાસથી લડતાં આપણે હાર્યા હતા - એટલે વિશ્વાસ જરૂરી છે અતિ વિશ્વાસ નહિ.

### કેજરીવાલ વધુ એક વખત સુરક્ષા ઓફર ઠુકરાવે છે

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર ઈન્ડીયન મુજાહુદ્દીન દ્વારા યાસીન ભટકલને મુક્ત કરાવવા



અપહરણ કરવાની શંકા વ્યક્ત કરી પોલીસે ઝેડ કક્ષા સુરક્ષા ઓફર કરી છે, પરંતુ મોડી સાંજે કેજરીવાલે કોઈ પણ પ્રકારની સુરક્ષા સ્વિકારવાનો ઈન્કાર વધુ એક વખત કર્યો છે.

### બિહારમાં લાલુપ્રસાદ સાથે કોંગ્રેસ ચૂંટણી સમજુતિ કરશે

આગામી લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસ બિહારમાં રાષ્ટ્રીય જનતાદળ સાથે ચૂંટણી સમજુતિ કરી શકશે એવા સંકેત મળી રહ્યા છે. બિહારની ૪૦ બેઠકો માટેની ચૂંટણીમાં લાલુપ્રસાદ યાદવના પક્ષ સાથે પ્રદેશ કોંગ્રેસને સમજુતિ કરવા જણાવાયું હોવાનું કહેવાય છે.

# રાંધેજા પેટા-ચૂંટણીમાં ૬૩ ટકા મતદાન નોંધાયું

## સરપંચ અને ત્રણ વોર્ડના સભ્યો માટેની યોજાયેલી ચૂંટણી શાંતિપૂર્ણ સંપન્ન : મંગળવારે હાથ ધરાનારી મતગણતરી

ગાંધીનગર, તા. ૧૯

રાંધેજા ગ્રામ પંચાયતના સરપંચ અને ત્રણ વોર્ડની આજે યોજાયેલ ચૂંટણીમાં ૬૩ ટકા જેટલુ મતદાન થયું છે.

આજે આ પેટા-ચૂંટણી માટે યોજાયેલ મતદાનમાં મતદારોએ સવારથી જ ઉત્સાહ દાખવ્યો હતો. મહિલા અને યુવા મતદારોએ મતદાન માટે વધુ જાગૃતિ દાખવી હતી.

આજે મતદાન દરમ્યાન કોઈ જ અનિચ્છનીય બનાવ બન્યો નથી. શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન સંપન્ન થતાં તંત્રએ પણ રાહતનો દમ લીધો છે. આ ચૂંટણીએ ઉત્તેજના અને રસાકસી જમાવી છે.

આ ચૂંટણીની મતગણતરી મંગળવારે સવારે ૯ વાગ્યાથી મામલતદાર કચેરી ખાતે શરૂ થશે. ૧૧ વાગ્યા સુધીમાં બધાજ પરિણામ આવી જવાની ગણતરી તંત્રના અધિકારીઓ રાખી રહ્યા છે. આ મતગણતરી માટે બે ટેબલ રાખવામાં આવ્યા હોવાનું ચૂંટણી અધિકારીશ્રીએ જણાવ્યું છે.

# શહેરમાં શીતલહેર યથાવત : કાતિલ ઠંડીની આગાહી

## ૩ ડીગ્રી પારો વધતા શનિવારની રાત્રે ૯.૫ લઘુત્તમ તાપમાન : ભારે ઠંડી ઘઉંના પાક માટે લાભદાયી પણ ઈસબગુલ-જીરૂ માટે સાવચેતીની ભલામણ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં ઠંડીનો પારો સતત ઉપર નીચે થતો રહે છે. દરરોજ ૨ થી ૩ ડીગ્રીની વધઘટ લઘુત્તમ તાપમાનમાં જોવા મળે છે. સીઝનની સૌથી વધુ ઠંડી ગઈકાલે ૬.૫ ડીગ્રી સુધી નોંધાઈ હતી. જો કે ગઈકાલના દિવસે અનુભવાયેલી ઠંડી અને આજે નોંધાયેલી ૯.૫ ડીગ્રી ઠંડીના અહેસાસમાં કોઈ મોટો ફરક હોય તેમ લાગતુ ન હતું. શહેરીજનોને ગઈકાલની ઠંડી કરતા આજના દિવસે ૩ ડીગ્રી જેટલી રાહત હોવા છતાં ગઈકાલ જેટલી જ ધ્રુજારી અનુભવાઈ હતી. આ ઠંડી તો હજુ કાંઈ નથી પરંતુ જાણીતા જ્યોતિષ અંબાલાલ પટેલની આગાહી મુજબનો આનાથી પણ વધારે કાતિલ ઠંડી પડવાની શક્યતા છે.

ઠંડીનો પારો રોજ અખબારમાં ચેક કરી લેતા નગરજનોને આંકડા પર વિશ્વાસ ના બેસે તેવી પરિસ્થિતિ આજે જણાઈ હતી. આજનો પારો ગઈકાલના ૬.૫ ડિગ્રીથી વધીને ૯.૫ ડીગ્રીએ પહોંચ્યો હતો. પરંતુ શહેરીજનોને ઠંડીની તિવ્રતામાં કોઈ ઝાઝો તફાવત જણાયો નહોતો. છેલ્લા કેટલાક સમયથી શહેરમાં ઠંડીની તિવ્રતામાં સતત વધઘટ થતી હોવા છતાં નગરજનોને આકરી ઠંડી અનુભવાઈ રહી છે. તેનું કાણ સતત વહેતા રહેતો પવન પણ હોઈ શકે છે. જાણીતા જ્યોતિષ અંબાલાલના વર્તારા મુજબ આગામી દિવસોમાં ભૂભૌગોલિક તેમજ ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં થયેલ હિમવર્ષાને કારણે વધુ કાતિલ ઠંડીના યોગો રહેલા છે. ઉત્તરભારત ઉપરાંત દેશના પશ્ચિમી ક્ષેત્રમાં પણ આ ઠંડીનું જોર દેખાશે તેવી તેમની આગાહી છે.

રાજસ્થાન, સિંધ અને કચ્છના ભાગોમાં ઠંડીનું પ્રમાણ વધુ રહેવાની સાથે તેમણે આવતીકાલે વાદળછાયુ વાતાવરણ રહેવાની શક્યતાઓ જણાવી હતી. આ ઉપરાંત તા. ૨૨મીથી ૨૬મી જાન્યુઆરી દરમ્યાન હાડ થીજવતી ઠંડી પડવાની પણ આગાહી કરતા ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક ભાગોમાં પારો ૬ ડિગ્રીથી પણ નિચે જવાની શક્યતા દર્શાવી હતી. ગાંધીનગર, અમદાવાદ, મહેસાણા અને બનાસકાંઠામાં શીત લહેરની અસર તળે પીસાશે.



(તસવીર : કશ્યપ નિમાવત)

## નવનિર્મિત સ્વર્ણિમ સંકુલ-૨નું મુખ્યમંત્રીના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૯

વિધાનસભા સંકુલની પાછળના ભાગમાં નવનિર્મિત સ્વર્ણિમ સંકુલ-૨ નું રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ઉદ્‌ઘાટન કરીને ખુલ્લુ મુકવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમંત્રી સ્વર્ણિમ સંકુલ-૧ અને સ્વર્ણિમ સંકુલ-૨ સંકુલોનું નવ નિર્માણ કરવામાં આવ્યું છે. થોડા મહિનાઓ અગાઉ સ્વર્ણિમ સંકુલ-૧નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. સચિવાલયના બ્લોક-૧ માંથી મુખ્યમંત્રી સહીત કેબીનેટ મંત્રીઓના કાર્યાલયો સ્વર્ણિમ સંકુલ-૧માં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે રાજ્યકક્ષાના મંત્રીઓને સ્વર્ણિમ સંકુલ-૨માં કાર્યાલયો ફાળવવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી કેટલાક કાર્યક્રમોમાં વ્યસ્ત હોવાના કારણે રાજ્ય બહાર પ્રવાસમાં હતા જેના કારણે ગત સપ્તાહે સ્વર્ણિમ સંકુલ-૨ નું ઉદ્‌ઘાટન કરી શકાયું ન હતું.

# સરકારી કર્મચારીઓ અધિકારીઓની ૫૦-૫૫ વર્ષે કામગીરીની સમીક્ષાની નીતિમાં સુધારો કરાશે

ગાંધીનગર, તા. ૧૯

રાજ્યના સરકારી કર્મચારી અધિકારીને ૫૦-૫૫ વર્ષે નોકરીમાં ચાલુ રાખવા કે કેમ તેની સેવા સમીક્ષા કરવાની હાલની નીતિની સમીક્ષા કરીને કેટલાક નીતિવિષયક ફેરફારો કરીને નવી નીતિ ઘડવાની દીશામાં રાજ્ય સરકારે સક્રિય વિચારણા હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

રાજ્ય સરકારના અધિકારીઓ કર્મચારીઓની ૫૦-૫૫ વર્ષે સેવા સમીક્ષાના અંતે સરકારી કર્મચારીઓ અધિકારીઓને સરકારી સેવામાં ચાલુ રાખવા કે અપરિપક્વ નિયુક્ત કરવા તે અંગેની કાર્યપદ્ધતિ સામાન્ય વહીવટ વિભાગે ૨૮-૭-૧૯૮૭ના ઠરાવ અને વખતોવખતના સુધારાથી નિયત કરવામાં આવેલી છે.

બિનકાર્યક્ષમ અને શંકાસ્પદ પ્રમાણિકતા ધરાવતા કર્મચારીઓ અધિકારીઓને સરકારી સેવામાં ચાલુ રાખવાથી વહીવટની કાર્યક્ષમતામાં ઘટાડો થાય છે અને રાજ્યના વહીવટની છબીને પણ પ્રતિકૂળ અસર પડે છે.

આથી સરકારી અધિકારી કર્મચારીઓની સેવા સમીક્ષા હાથ ધરી રાજ્ય સરકારના વહીવટની કાર્યક્ષમતા ઉંચી લાવવા તથા ઉચ્ચ કક્ષાનો વહીવટ પૂરો પાડવાના હેતુને ધ્યાનમાં રાખી સરકારી અધિકારી કર્મચારીઓની ૫૦-૫૫ વર્ષે સેવા સમીક્ષાની હાલની નીતિની પુનઃ ● અનુસંધાન પાના ૭ પર








